# ટોરેન્ટ પાવર લીમીટેડ

## ગુજરાત વીજનીયમન પંચ સમક્ષ

છઠો માળ, ગીફ્ટ વન, રોડ ૫ સી, ઝોન ૫, ગીફ્ટ સીટી, ગાંધીનગર-૩૮૨ ૩૫૫

## જાહેર નોટીસ

૧. ટોરેન્ટ પાવર લિમિટેડ (હવે પછી તેનો ઉલ્લેખ “ટીપીએલ-ડી” તરીકે કરાયો છે.) દ્વારા કેસ નંબર ૧૮૪૪/૨૦૧૯ હેઠળ નાંણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ના ટ્રુઇંગ અપ અને નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે અમદાવાદ/ગીંધીનગર સપ્લાય વિસ્તાર માટેના વીજ દર નિર્ધારણ માટેની અરજી દાખલ કરી છે.

૨. જીઈઆરસી (એમવાયટી) રેગ્યુલેશન, ૨૦૧૬ અનુસાર નાંણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ માટે ટ્રુઇંગ અપ વાસ્તવિક આંકડાઓ મુજબ સુચીત કરવામાં આવેલ છે. અમદાવાદ સપ્લાય વિસ્તાર માટે નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ની મહેસુલી ખાધ / (પુરાંત) ની ગણતરી જીઈઆરસી (એમવાયટી) રેગ્યુલેશન, ૨૦૧૬ અનુસાર નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે મંજુર કરેલ એઆરઆર અને હાલના વીજદરે મંજુર કરેલ વીજ વેચાણના આધારે અંદાજવામાં આવેલ આવક અનુસાર કરવામાં આવી છે.

૩. વીજદરના વધારાને મર્યાદિત કરવા તથા નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧નાં ટેરિફ નિર્ધારણ માટેની સંચિત ખાધ મુખ્યત્વે પાછલા વર્ષોની બાકી વસૂલાતને કારણે હોવાથી, ટીપીએલ-ડીએ ૧લી એપ્રિલ, ૨૦૨૦ થી બે વર્ષના મર્યાદિત સમયગાળા માટે રૂા. ૦.૩૫ પ્રતિ યુનીટના દરે રેગ્યુલેટરી ચાર્જ દ્વારા આ સંચિત ખાધના નોંધપાત્ર હિસ્સાની વસૂલાત કરવાનો અને બાકીની સંચિત ખાધની વસુલાત નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ નાં વીજદરમાં સુધારા દ્વારા કરવાનો પ્રસ્તાવ કરેલ છે.

૪. ટીપીએલ-ડીએ રેગ્યુલેટરી ચાર્જ સહિતના સુધારેલા વીજદરનો અમલ તા. ૧ એપ્રિલ, ૨૦૨૦ થી કરવા પ્રસ્તાવિત કરેલ છે. નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટેના વીજદર માળખાના સુચીત ફેરફારનો સારાંશ અહીં નીચે દર્શાવેલ છે.

**અમદાવાદ / ગાંધીનગર સપ્લાય વિસ્તાર માટેના સુચીત દરો**

| ક્રમ | કેટેગરી | ફિક્સડ ચાર્જ |
|---|---|---|
| ૧. | **આરજીપી**<br>(રહેણાંક અને વીજભાર ૧૫ કિલોવોટથી વધુ ન હોય તેવા રહેણાંકના સંયુક્ત વપરાશના સંસાધનો તેમજ સ્થાનિક સત્તામંડળ દ્વારા ચલાવવામાં આવતા પમ્પિંગ સ્ટેશનો) | **બીપીએલ સિવાયના ગ્રાહકો માટે**<br>**સિંગલ ફેઝ સપ્લાય**<br>રૂા. ૩૫ પ્રતિ ઈન્સ્ટોલેશન પ્રતિ માસ<br>**૧૫ કિલોવોટ સુધીના થ્રી ફેઝ સપ્લાય માટે**<br>રૂા. ૭૫ પ્રતિ ઇન્સ્ટોલેશન પ્રતિ માસ<br>**૧૫ કિલોવોટથી વધુના રહેણાંક માટેના થ્રી ફેઝ સપ્લાય માટે**<br>રૂા. ૧૦ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ |
| ૨. | **જીએલપી**<br>(રહેણાંક સિવાયના ચેરિટેબલ હેતુ માટે) | **સિંગલ ફેઝ સપ્લાય**<br>રૂા. ૫૦ પ્રતિ ઇન્સ્ટોલેશન પ્રતિ માસ<br>**થ્રી ફેઝ સપ્લાય**<br>રૂા. ૧૦૦ પ્રતિ ઈન્સ્ટોલેશન પ્રતિ માસ |
| ૩. | **નોન-આરજીપી**<br>(અલગ એલટી કેટેગરીમાં આવરી લેવાયેલ ન હોય અને ૧૫ કિલોવોટ કે તેથી વધુ વીજભાર ન હોય તેવા કનેક્શન માટે) | **૫ કિલોવોટ સુધીના કનેક્ટેડ લોડ માટે**<br>રૂા. ૭૫ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ<br>**૫ કિલોવોટથી વધુના અને ૧૫ કિલોવોટ સુધીના કનેક્ટેડ લોડ માટે**<br>રૂા. ૯૫ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ |
| ૪. | **એલટીએમડી-૧**<br>(૧૫ કિલોવોટથી વધુ વીજભારનાં રહેણાંકના સંયુક્ત વપરાશના સંસાધનો તેમજ સ્થાનિક સત્તામંડળ દ્વારા ચલાવવામાં આવતા પમ્પિંગ સ્ટેશનો માટે) | **કોન્ટ્રાક્ટ ડિમાન્ડ સુધીની બિલિંગ ડિમાન્ડ**<br>**પ્રથમ ૫૦ કિલોવોટ**<br>રૂા. ૧૬૫ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ<br>**પછીના ૩૦ કિલોવોટ**<br>રૂા. ૧૯૫ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ<br>**બાકીની બિલિંગ ડિમાન્ડ**<br>રૂા. ૨૫૫ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ<br>**કોન્ટ્રાક્ટ ડિમાન્ડ કરતાં વધુ પર**<br>રૂા. ૪૦૦ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ |
| ૫. | **એલટીએમડી-૨**<br>(અલગ એલટી કેટેગરીમાં આવરી લેવાયેલ ન હોય અને ૧૫ કિલોવોટ કે તેથી વધુ વીજભાર હોય તેવા કનેક્શન માટે) | **કોન્ટ્રાક્ટ ડિમાન્ડ સુધીની બિલિંગ ડિમાન્ડ**<br>**પ્રથમ ૫૦ કિલોવોટ**<br>રૂા. ૧૮૫ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ<br>**પછીના ૩૦ કિલોવોટ**<br>રૂા. ૨૪૫ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ<br>**બાકીની બિલિંગ ડિમાન્ડ**<br>રૂા. ૩૧૫ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ<br>**કોન્ટ્રાક્ટ ડિમાન્ડ કરતાં વધુ પર**<br>રૂા. ૪૭૫ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ |
| ૬. | **એચટીએમડી-૧**<br>(સ્થાનિક સત્તામંડળો દ્વારા ચલાવવામાં આવતા પમ્પિંગ સ્ટેશનો સિવાયના હેતુઓ માટે ૧૦૦ કિલોવોટ અને તેથી વધુની કોન્ટ્રાક્ટ ડિમાન્ડ) | **કોન્ટ્રાક્ટ ડિમાન્ડ સુધીની બિલિંગ ૧૦૦૦ કિલોવોટ સુધી**<br>રૂા. ૨૭૫ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ<br>**૧૦૦૦ કિલોવોટથી વધુ**<br>રૂા. ૩૫૦ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ<br>**કોન્ટ્રકક્ટ ડિમાન્ડ કરતાં વધુ પર**<br>રૂા. ૪૩૫ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ |
| ૭. | **એચટીએમડી-૨**<br>(સ્થાનિક સત્તામંડળો દ્વારા ચલાવવામાં આવતા પાણી અને ગટરના પમ્પિંગ સ્ટેશનો માટે ૧૦૦ કિલોવોટ અને તેથી વધુની કોન્ટ્રાક્ટ ડિમાન્ડ) | **કોન્ટ્રાક્ટ ડિમાન્ડ સુધીની બિલિંગ ડિમાન્ડ**<br>રૂા. ૨૩૫ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ<br>**કોન્ટ્રાક્ટ ડિમાન્ડ કરતાં વધુ પર**<br>રૂા. ૩૩૫ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ |
| ૮. | **એચટીએમડી - મેટ્રો ટ્રેક્શન**<br>(૧૦૦ કિલોવોટ અને તેથી વધુની કોન્ટ્રાક્ટ ડિમાન્ડ) | **કોન્ટ્રાક્ટ ડિમાન્ડ સુધીની બિલિંગ ડિમાન્ડ**<br>રૂા. ૩૫૦ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ<br>**કોન્ટ્રાક્ટ ડિમાન્ડ કરતાં વધુ પર**<br>રૂા. ૪૦૦ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ |

અ. **એનર્જી ચાર્જ :** ટીપીએલ-ડીએ બીપીએલ ગ્રાહકો માટે પ્રથમ ૩૦ યુનિટ સુધીના અને એચટીએમડી - મેટ્રો ટ્રેક્શન ટેરીફ કેટેગરી માટેના એનર્જી ચાર્જમાં કોઈ ફેરફાર સૂચવેલ નથી. જ્યારે, આરજીપી કેટેગરીના પ્રથમ ૫૦ યુનિટ માટેના એનર્જી ચાર્જમાં રૂા. ૦.૧૦ પ્રતિ યુનિટનો વધારો સૂચવેલ છે. અન્ય દરેક કેટેગરી અને સ્લેબના એનર્જી ચાર્જમાં રૂા. ૦.૧૫ પ્રતિ યુનિટનો વધારો સૂચવેલ છે.

બ. **રેગ્યુલેટરી ચાર્જ :** ટીપીએલ-ડીએ રૂા. ૦.૩૫ પ્રતિ યુનિટના દરે રેગ્યુલેટરી ચાર્જ પ્રસ્તાવિત કરેલ છે.

ક. **ઓપન એક્સેસ ચાર્જીસ :** ટીપીએલએ ઓપન એક્સેસ ગ્રાહકોને લાગુ પડતા વ્હીલિંગ ચાર્જીસ અને ક્રોસ સબસીડી સરચાર્જ નિર્ધારણ કરવા પ્રસ્તાવિત કરેલ છે.

**અરજીની નકલ પ્રાપ્ત કરવા માટેની જોગવાઈ :**

૫. નિરીક્ષણ માટે અરજીની નકલો જનરલ મેનેજર (ફાયનાન્સ), ટોરેન્ટ પાવર લિમિટેડ, નારણપુરા ઓફિસ, સોલા રોડ, અમદાવાદ ૩૮૦ ૦૧૩ની ઓફિસ ખાતે ઉપલબ્ધ છે. વધુમાં, અરજીની નકલ રૂા. ૧૫૦/- રોકડેથી અથવા તો ટોરેન્ટ પાવર લિમિટેડની તરફેણના અને અમદાવાદ ખાતે ચૂકવી શકાય તેવા ડિમાન્ડ ડ્રાફ્ટ-પે ઓર્ડર દ્વારા ઉપરોક્ત સરનામેથી ખરીદી શકશે. અરજીની નકલ ટપાલથી પ્રાપ્ત કરવા માટે, ટપાલ ખર્ચના રૂા. ૫૦/- (રૂપિયા પચાસ) વધુ ચુકવવાના રહેશે.

૬. ઉપરોક્ત અરજીનો ઈલેક્ટ્રોનીક નકલ વેબસાઈટ www.torrentpower.com નાં રેગ્યુલેટરી સેક્શન પરથી પણ મળી શકશે.

**પ્રતિભાવ રજુ કરવા માટેની માર્ગદર્શિકા :**

૭. જીઈઆરસીના નિયમો અનુસાર આથી જાહેર સૂચના આપવામાં આવે છે કે ઉપરોકત અરજી સામે જે કોઈપણ વ્યક્તિને પોતાના વાંધા-સૂચનો રજુ કરવામાં રસ હોય તેઓએ પોતે જેનો આધાર લેતા હોય તે દસ્તાવેજો સાથેની પોતાની અરજી, પાંચ સેટમાં, તેમજ તેના ટેકામાં આવશ્યક એફિડેવિટ સાથે, સેક્રેટરી, ગુજરાત વીજનિયમન પંચ, છઠ્ઠો માળ, ગીફ્ટ વન, રોડ ૫-સી, ઝોન ૫, ગીફ્ટ સીટી, ગાંધીનગર - ૩૮૨ ૩૫૫ ને તા. ૧૩મી જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ કે તે પહેલા મળી જાય તે રીતે મોકલી આપવાની રહેશે અને તેની એક નકલ નીચે સહી કરનારને પણ મોકલવાની રહેશે.

**ટોરેન્ટ પાવર લીમીટેડ**
“સમન્વય”, ૬૦૦, તપોવન, આંબાવાડી, અમદાવાદ ૩૮૦ ૦૧૫
CIN : L31200GJ2004PLC044068
તા. ૧૩મી ડિસેમ્બર, ૨૦૧૯

**ટોરેન્ટ પાવર લીમીટેડ**
સહી/-
**વાઇસ પ્રેસીડન્ટ**